UNITED INTERNATIONAL
GUJARATI CHRISTIAN SOCIETY
NEW YORK & NEW JERSEY
FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN
(A NOT -FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)

AMERICAN CHRISTIAN NEWS
અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ
EDITORS: Revs. Snehlata & Anil Patel
Phone # (718)435-4786╬ email:snehlata@msn.com
Issue-143, Year: 39, Nov.-Dec. 2018

## તંત્રીસ્થાનેથી

આપણી ચોતરફ નાતાલનું વાતાવરણ છવાઇ ગયું છે. રસ્તાઓ, જાહેર સ્થળો, અને રહેઠાણો શણગાર અને રોશનીથી ઝળહળાં થઈ રહ્યાં છે. શોપીંગ સેન્ટરો માનવમેદનીથી ઉભરાઇ રહ્યાં છે. તહેવારોના દિવસોમાં કૌટુંબિક સંગત, પકવાનો, ભેટસોગાદોની આપલે, વસ્ત્ર પરિધાન વગેરે પ્રાધાન્ય ભોગવે છે. નવું વરસ શરૂ થતાં જ બધું જ આટોપી લેવાય છે. અને જીવનની ઘટમાળ યથાવત ચાલ્યા જ કરે છે. આ પ્રકારની ઉજવણી વ્યર્થ બની જાય છે કારણકે ઉજવણીનો સાચો અર્થ માર્યો જાય છે. પરંતુ આ તહેવારોની ઉજવણીનું સાચું કારણ- *ભુતકાળ સંભારી વર્તમાન અને ભવિષ્યને ઉજ્જવળ બનાવવું-* સમજી તે પ્રમાણે ઉજવણી કરીએ તો આપણાં જીવનોનું નવિનીકરણ થાય છે અને ઉજવણીનો હેતુ સરે છે. નીચે જેવી કેટલીક બાબતોની સમજ આપણને નાતાલની સાચા અર્થમાં ઉજવણીમાં સહાયરૂપ થશે.

**સ્મરણ**: ઇશ્વર માનવદેહ ધારણ કરી માનવજાતનું ઇશ્વર સાથે પુર્નઃમિલન કરાવવા માનવ મધ્યે વસ્યા. એ જ બાળ ઈસુ-ઇમાનુએલ આજે પણ આપણી સાથે છે. પ્રથમ નાતાલનાં પાત્રો આપણે આપણા સમયમાં કેવી રીતે પ્રભુના બીજા આગમનમાં ફાળો આપી શકીએ તે વિષે દિશાસૂચન કરે છે. યુસફ, મરિયમની જેમ આપણે પ્રભુને આધીન થઈએ. તેના તેડાનો સ્વીકાર કરી પૃથ્વી પર આકાશી રાજ્ય લાવવામાં સાધનરૂપ બનીએ. ભરવાડોની જેમ પ્રભુની સંગતનો અનુભવ કરીએ અને તેમને મહિમા આપીએ. માગીઓની જેમ આપણાં ઉત્તમ દાનો, તાલંતો પ્રભુના ચરણોમાં મુકી તેમની સ્તુતી આરાધના કરીએ. અને એ બધાં ઉપરાંત નાતાલ આપણને સ્મરણ કરાવે છે કે, જે ઇસુ બાળરાજા તરીકે માનવના તારણહાર તરીકે આવેલા તે જ ઇસુએ પોતાનું કાર્ય પુરૂં કર્યું છે અને હવે તેને મળવાને માટે તૈયારીનો સમય છે. જેઓ પ્રભુ ઇસુ પર વિશ્વાસ કરી પાપોની માફીનો સ્વીકાર કરશે તેઓને જ સૃજનહાર ઇશ્વરની અનંતકાળિક સમીપતામાં રહેવા મળશે. આ બધી ગંભીર બાબતો પર વિચાર કરવા આ ઉજવણી આપણું ધ્યાન દોરે છે.

તહેવારોની ઉજવણીમાં નીચે જેવી કેટલીક બાબતો લાભદાયી બનશે.

૧. શિયાળાના ટુંકા અંધકારભર્યા દિવસો આપણા સામાજિક, આત્મિક અંધકાર વિષે આપણને યાદ દેવડાવે છે. ઇર્ષા, વેરભાવ, સ્વાર્થીપણુ, ઝઘડા, હુંસાતુંસી વગેરે જે આપણાં જીવનોને અંધકારથી ભરી દે છે તેમાંથી છુટકારો મેળવવા ખ્રિસ્ત પ્રકાશની જરૂર છે. તે એકલા જ આપણને અનંતકાળિક પ્રકાશમાં લઈ જશે..

૨. મરિયમ અને એલીસાબેતની જેમ ઇશ્વરે આપણા જીવનમાં કરેલી સહાય સંભારતાં તેમના સ્તુતિગાન અને આરાધનામાં જોડાઇએ. માગીઓની જેમ મહામૂલા નજરાણા ધરીએ..

3. જ્યારે આપણે નાતાલનાં ગીતો ગાવા નીકળીએ છીએ ત્યારે તે માત્ર ઔપચારિક જ ન હોવું જોઇએ. પણ આસપાસન શ્રોતાજનો, આપણો વિશ્વાસ, આનંદ જોઇ શકે અને તેઓ માટે સાક્ષીરૂપ બનીએ કે આપણે જીવતાં ઇશ્વરનાં બાળકો છીએ. અને તેઓ પણ સત્યની શોધમાં નીકળી પડે.

૪. ચેતવણીઃ જો આપણે ઇશ્વરની અવગણના કરીશું તો ઇશ્વર આપણી ઉપર ક્યારેય બળજબરી નહિ કરે. પરંતું આપણે

આશા વિહોણા બનીશું. તેથી વહાલાંઓ ભુતકાળના ઐતિહાસિક બનાવો સંભારતાં મુક્તિદાતા ઇસુને આપણા જીવનોમાં પ્રથમ સ્થાન આપીએ. આપણે આશીર્વાદિત બનીએ અને સાથે સાથે બીજાંઓને માટે પણ આશીર્વાદની નહેર બનીએ. ૨૦૧૮ની સાલ ટુંક સમયમાં પુરી થશે. વરસ દરમિયાન ઇશ્વરપિતાના અગણિત આશીર્વાદો સંભારીએ. ઇમાનુએલ-દેવ આપણી સાથે છે તેની ખાતરીમાં પાછાં પડ્યા હોય તો પુ:ન ઉઠીએ.અને હિંમતથી નવા વરસમાં પ્રવેશ કરીએ.

૨૦૧૯નું નવું વરસ સર્વ વાચકમિત્રોને આશીરવાદિત નીવડે એ જ મારી પ્રાર્થના અને શુભેચ્છા

ખ્રિસ્તની દ્રાક્ષાવાડી

બ્રુકલીન, ન્યુયોર્ક          સ્નેહલતા પટેલ

## આભારસ્તુતિ

આભારસ્તુતિ અનુભવ વગર શક્ય નથી. નવેમ્બર મહિનાની ૨૨મીએ અમેરિકાએ નાતજાત, ધર્મ, નાગરિકતા, વગેરેના ભેદભાવ વિના "Thanksgiving Day" ની ઉજવણી કરી. જે વ્યક્તિઓ પોતાના જીવનમાં બીજાંઓએ આપેલો ફાળો યાદ રાખે છે, તેઓ હંમેશાં આભારી જીવન જીવે છે. જેમકે, જ્યારે ઇશ્વરપિતાનો કે વ્યક્તિનો આભાર માનીએ છીએ ત્યારે સ્તુતિ, પ્રશંસા આપોઆપ શબ્દરૂપે મોંમાંથી નીકળી પડે છે.

ઇશ્વરપિતાનો કે વ્યક્તિનો જ્યારે આભાર માનીએ છીએ ત્યારે તેમણે કરેલી સહાય અને મદદ યાદ કરીને ખુશામત (તારીફ, ખુશામત, એ જૂઠી પ્રશંસા છે) નહિ પણ સાચા હૃદયથી તેને યોગ્ય શબ્દોમાં વ્યક્ત કરવામાં આવે છે.

આપણે જ્યારે ઇશ્વરની સ્તુતિ, આરાધના કરીએ છીએ ત્યારે તેમનું દૈવી સ્વરૂપ-- તારનાર, ઉધ્ધારકર્તા, હાજરાહજૂર મદદકર્તા તરીકે આપણી સમક્ષ ચિત્રપટની માફક રજૂ થતું જાય છે. જેમાં આપણે ઇશ્વરના આશીર્વાદો,ચમત્કારો, દેવની મહાનતા, વગેરે નિહાળતાં જઇએ છીએ. પરિણામે આપણા જીવનની ઘટમાળ આભારી જીવન બની જાય છે. આપણે માત્ર શબ્દોમાં જ નહિ પણ તેને કૃત્યોદ્વારા પણ જાહેર કરીએ છીએ. આપણે માટે ઇશ્વરનો આભાર માનવાનાં અગણિત કારણો છે, પણ જગ્યાના અભાવે માત્ર થોડાં જણાવું છું. ગીતકર્તા જણાવે છે, "મારી માના ઉદરમાં હતો ત્યારથી તું મારો દેવ છું" ગીતશાસ્ત્ર ૨૨:૧૦.

"હે મારા આત્મા, પ્રભુને ધન્યવાદ આપ, તે તારા હકમાં જે મહિમાવંત કાર્યો કરે છે તે તું ભૂલીશ નહિ. તે તારાં સર્વ પાપ માફ કરે છે અને તારાં સર્વ રોગ મટાડે છે. તે તને નર્કમાંથી, અનંત નાશમાંથી છોડાવી લે છે. તે પ્રેમભરી ભલાઈ અને કૃપાથી તને નવાજે છે. તે તારા જીવનને ઉત્તમ વસ્તુઓથી ભરી દે છે. જેથી તારી જુવાની ગરુડની જેમ તાજુ કરાય છે. જેઓ લાયક નથી તેઓ પ્રત્યે પણ તે દયાળુ અને સ્નેહાળ છે. ... આપણાં પાપોને લીધે જે શિક્ષાને આપણે લાયક છીએ તે તેમણે આપણને કરી નથી. ગીતશાસ્ત્ર ૧૦૩

"તે તંગીમાં આવી પડેલાંઓની પ્રાર્થનાઓ સાંભળશે કેમ કે તે એટલા વ્યસ્ત નથી હોતા કે તેઓની વિનંતીઓ તરફ ધ્યાન ન આપે" (ગીત. ૧૦૨:૧૭). ."ઇસુ ખ્રિસ્ત ગઈ કાલે, આજે અને સર્વકાળ એવા અને એવા જ છે" (હેબ્રી ૧૩:૮). આવા મહાન જીવન દેનાર ઇશ્વરનો આભાર આપણે નિરંતર માનતાં રહીએ.

બ્રુકલીન, ન્યુયોર્ક          એ. પી. ટેલર

## નાતાલ એટલે શું

નાચા નાચ, કુદમ કુદ,રેલમછેલ, બાળકોનો ખેલ, કે સાંતા વગાડે ક્રિસમસ બેલ?

*ના એથી ઉલટું નાતાલ ઉજવો કરી સારાં કામનો નિરધાર.*
*વહેળો ઇસુનો છે અનરાધાર, નિરાધારનો બનો આધાર...*
*સુવાર્તાનો કરો સ્વિકાર, કરો માનવતાભર્યો વ્યવહાર*
*એ છે સાચી ઉજવણી.*

નાતાલના રંગ લાલ અને લીલો મને ઘણું શીખવે છે. ઇશ્વર બાળદેહ ધારણ કરી આ જગતમાં આવ્યા અને પોતાના લોહી- બલિદાનદ્વારા માનવજાતને પાપની ચુંગાલમંથી છોડાવી. અને મૃત્યુ પર વિજય પામી માનવને નવુંજીવન આપ્યું. આમ લાલ રંગ પ્રભુ ઇસુના બલિદાનમાં પાપોની માફી અને લીલો રંગ પ્રભુ ઇસુના પુનરૂત્થાનમાં નવા જીવનનો મારા માટે નિર્દેશ કરે છે.

બ્રુકલીન, ન્યુયોર્ક સરોજ ગજ્જર.

## નોંધપાત્ર બાબતો :-

ACN ના ખર્ચને પહોંચી વળવામાં મદદરૂપ થવા.જો તમારે સ્વેચ્છાપૂર્વકનાં દાન અથવા પોસ્ટલ સ્ટેમ્પ્સ આપવા હોય અથવા તમારે ACNની કોપી જોઈતી હોય તો રોબીનભાઈને તમારૂ પોસ્ટલ અથવા ઈ-મેલ એડ્રેસ આપશો. સહકાર બદલ આભાર માનવામાં આવે છે. **સરનામુ:** 17 Dart Mouth Ave, Avenel, NJ 07001-1804; Phone#917-554-4560. robin.christian@marriott.com

ન્યુઝપેપરમાં લખાતાં લખાણો માટે તંત્રીઓ જવાબદાર નથી

આભાર:. જોયસીબહેન અને જોવેટભાઇ તરફથી ૨૦ ડોલરની ટપાલની સ્ટેમ્પ્સ મળી છે. જેનો ઉપયોગ છુટાં છવાયાં વસતાં ભાઇબહેનોને ACNની પ્રત મોકલવામાં વપરાશે.

મૃત્યુ નોંધ: ઘણાં વહાલાંઓએ અનંતકાળિક જીવનમાં પ્રવેશ કરેલો છે. તેઓ સર્વના દુખિત કુટુંબીજનોને ઈશ્વરપિતા તેના દૈવી દિલાસાથી ભરપૂર કરે. તમારી પ્રાર્થનાઓમાં તેઓને ધરી રાખશો .

સહકાર: ACNના પ્રકાશનનો મુખ્ય હેતું અમેરિકા દેશના ગુજરાતી ખ્રિસ્તી ભાઈબહેનોને એકબીજાના સંપર્કમાં રાખવા, પારસ્પારિક સુખદુ:ખમાં ભાગીદાર બનાવવા, એકબીજાને પ્રેરણારૂપ થવું, ઈશ્વરના તાલંતોનો ઉપયોગ કરી, ગુજરાતી સમાજને મદદરૂપ અને દોરવણીરૂપ બનવું. તેથી સમાચાર, ખાસ પ્રકારની અનોખી કાર્યપ્રવૃતિ વગેરે જાતની માહિતી પૂરી પાડવાની ગુજરાતી મિત્રો પાસે અપેક્ષા રાખવામાં આવે છે. આ સમાચારપત્રના ખર્ચને પહોંચી વળવા કોઈપણ જાતનું ભંડોળ નથી. જેથી પાનાં વધારવા શક્ય નથી. તેથી આ સમાચારપત્રનો પૂરેપુરો ફાયદો મેળવવા વાંચકમિત્રોને વિનંતી કે પ્રેરણા અને ઉત્તેજનદાયી સમાચાર, સમાજોપયોગી માહિતી **વધુમાં વધુ એક પાનું મોટા સ્વચ્છ અક્ષરમાં** મોકલશો એવી ACN ના પ્રકાશનના હિતમાં અમારી નમ્ર વિનંતી. ACN ને દળદાર તથા માહિતીસભર બનાવવાનો આધાર લેખક મિત્રો પર અવલંબે છે, તેથી દરેક લેખકમિત્રોને મારી નમ્ર વિનંતી કે લેખો મુદ્દાસર હોવા જોઇએ અને એકના એક વાક્યનું વારંવાર પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા પ્રયત્ન કરશો. અને મોડામાં મોડું ડિસેમ્બર ૨૮ સુધીમાં Revs. Patel, 758-47th Street, Brooklyn, NY 11220 એ સરનામા પર મોકલી આપશો તો આભાર. તમારા સહકાર બદલ આભાર

**બાઈબલ અભ્યાસના પ્રશ્નો નવેમ્બર-ડીસેમ્બર ૨૦૧૮**

(બાઈબલ કવીઝના જવાબો Mrs. Joycey Jovet Christian, 500 Central Ave, Apt. # 510, Union City, NJ. 07087 પર મોકલશો, (201-864-4816). સહકાર બદલ હાર્દિક આભાર).

## શાસ્ત્રાભ્યાસ

**ભાગ ૧**

**યશાયાહ તથા યિર્મેયાહ પ્રબોધકોના પુસ્તકોના આધારે નીચેની કલમોમાં ખાલી જગ્યા પૂરો..**

૧. કારણકે ------અને------તેઓ યહોવાહની વિરૂધ્ધ તેની પવિત્ર દૃષ્ટિમાં-----લાગે એમ વર્તે છે.

૨ વળી તારા વખતમાં સ્થિરતા થશે; ----- , -----, તથા ----- ભંડાર થશે; યહોવાનું ભય તે જ તેનો ----- છે.. .

૩. જે ----- નથી તેને માટે ----- શા સારુ ખરચો છો? જેથી ----- થતી નથી તેનેમાટે તમારી ----- [શા સારું ખરચી નાખો છો?]

૪. મેં પ્રાત:કાળે ઉઠીને મારા સર્વ સેવકોને એટલે મારા પ્રબોધકોને તમારી પાસે મોકલ્યાને કહ્યુ કે, તમે તમારા ----- ----- ફરો, ને તમારી ---------- સુધારો, ને ----- દેવોની પાછળ વંઠી જઈને તેઓની ----- ન કરો,...

૫. સરદારોએ ----- પર કોપાયમાન થઈને તેને માર્યો, ને ----- ચીટનીસના ઘરમાં તેને કેદ કર્યો;

**ભાગ-૨ રોમનોને પત્ર તથા ૧-૨ કરિંથીઓને પત્રમાંથી રેફરન્સ આપો.**

૧ "... જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે."

૨. "મેં તમને દૂધથી પાળ્યા છે, અન્નથી નહિ; કેમકે હજુ સુધી તમે સમર્થ નહોતા, અને હમણાં પણ સમર્થ નથી.":

૩. "ખ્રિસ્તને બલિયાલની સાથે શો મિલાપ હોય? કે વિશ્વાસીને અવિશ્વાસીની સાથે શો ભાગ હોય?"

૪. "પણ આટલું [તો ખરું છે] કે જે કૃપણતાથી વાવે છે તે લણશે પણ કૃપણતાથી; અને જે ઉદારતાથી વાવે છે તે લણશે પણ ઉદારતાથી."

૫. "પણ જે કોઇ અભિમાન કરે છે તે પ્રભુમાં અભિમાન કરે."

*જીવનના દેનાર, ૨૦૧૮ની સાલમાં અમારાં તમારી વિરૂધ્ધ આચરેલાં કૃત્યોને માટે માફીની યાચના કરીએ છીએ અને તમારા અગણિત આશીર્વાદોને માટે આભાર માનતાં ૨૦૧૯ના વરસમાં અમારા પથદર્શક બનો એવી અમારી નમ્ર વિનંતી પ્રભુ ઇસુના નામમાં કરીએ છીએ. આમેન*

## બાઈબલ અભ્યાસ સપ્ટે -ઓકટો ૨૦૧૮ના જવાબો અને ખરા જવાબો આપનારનાં નામો:

**જવાબો:.**

૧ આબ્નેરે ઇશ-બોશેથને કહ્યું ૨ શમુએલ ૩:૮

૨. ગોલ્યાથ પલિસ્તી દાઉદ આગળ ૧ શમુ. ૧૭:૪૩

૩ મફીબોશેથે દાઉદ રાજાને ૨ શમુ. ૯: (૬) ૮

૪. પ્રભુ ઇસુએ કનાની સ્ત્રીને માત્થી ૧૫:૨૬

૫ પ્રભુ ઇસુએ પહાડ પરના ભાષણમાં માત્થી ૭:૬

૬" ઇસ્રાએલમાંથી ગૌરવ જતું રહ્યું છે." ૧ શમુ. ૪:૨૧

૭. અત્યાર સુધીયહોવાએ આપણને સહાય કરી છે. ૧ શમુએલ ૭:૧૨

૮. નાદાન ૧ શમુએલ ૨૫:૨૫

**ભાગ ૨**

૧. યર્મિયા યર્મિયાનો વિલાપ ૧:૧૬; ૨: ૧૧, ૧૮

૨. એફેસસની મંડળી માટે પ્રકટીકરણ ૨:૪

૩. દશ નિર્ગમન ૭:૧૭ થી ૧૧મા અધ્યાય સુધી

૪. દશમો ભાગ ઉત્પત્તિ ૧૪:૨૦

૬ દશ વખત ઉત્પત્તિ ૩૧;૭

૭. લસણિયો ઉત્પત્તિ ૨૧:૨૦.

**ખરા જવાબો આપનાર**

૧ એમિલ્યાબેન ક્રીસ્ટી જર્સી સીટી, ન્યુજર્સી

૨. ભાનુમતીબેન સી. ક્રીસ્ટી - ઓન્ટેરીઓ, કેલિફોર્નિયા

૩ લીલીયનબેન જોન નોર્થબર્ગન, ન્યુજર્સી

૪. રબેકાબેન ડાયલ બ્રુકલીન, ન્યુયોર્ક

૫. આફિયા ટેલર બ્રુકલીન, ન્યુયોર્ક

૬ સ્ટેલાબેન એમ પરમાર, નોર્થ બર્ગન, ન્યુજર્સી

# નાતાલ: સ્વર્ગીય રાજ્યની શરૂઆત

નાતાલ એટલે શું? શું નાતાલનું મહત્વ ઇસુના જન્મ પુરતું જ મર્યાદિત છે? પ્રભુ ઇસુ ખ્રિસ્તે કુંવારી મરીયમથી જન્મ લીધો કે અવતાર ધારણ કર્યો? આ અને આવા અનેક પ્રશ્નો મનમાં ઉપસ્થિત થાય છે. તેથી આ લેખમાં મારા કેટલાક વિચારો વાંચકમિત્રો સમક્ષ રજૂ કરૂ છું.

જન્મ કે અવતાર? જેનું અસ્તિત્વ પૂર્વે હોય તે તો ફક્ત અવતાર જ ધારણ કરી શકે. યોહાનની સુવાર્તા પ્રમાણે શબ્દ (ઇસુ) અનાદિકાળથી પરમેશ્વરની સાથે હતો. અને શબ્દ દેહરૂપ અવતાર ધારણ કરી આપણી મધ્યે વસ્યો (યોહાન ૧:૧-૪; નીતિવચનો ૮: ૨૨-૩૧). આ કારણથી આપણી ભારતિય પ્રણાલિકા પ્રમાણે પ્રભુ ઇસુ મરિયમ કુંવારીના પેટે અવતર્યા તેમ કહેવું વધુ ઇચ્છનિય છે.

તો નાતાલની ઉજવણી પાછળનો હેતુ શો હોય શકે? પ્રભુ ઇસુનું દેવલોક તજીને મૃત્યુલોક મધ્યે વસવાટ કરવા પાછળ શું કારણ? આવો, પ્રથમ આપણે પ્રભુ ઇસુના જન્મ સાથે સંકળાયેલી કેટલીક ઘટનાઓનું અવલોકન કરીએ સૌ પ્રથમ લુકની સુવાર્તા પ્રમાણે દેવદૂત ગાબ્રીએલ મરિયમને બાળકના આગમનની વધામણી આપતાં જણાવે છે કે, તેના પેટે અવતાર લેનાર બાળકને તેના પિતા દાઉદનો મુગટ ઇશ્વર આપશે અને તેના રાજ્યનો અંત આવશે નહિ (લુક ૧:૩૨-૩૩). લુકના બયાન પ્રમાણે ઘેટાંપાળકોને આકાશી દૂતો વધામણી આપતાં જણાવે છે કે, "આજે રાત્રે દાવિદના નગર બેથલેહેમમાં તમારે માટે એક તારનાર એટલે પ્રબુ ઇસુ ખ્રિસ્ત જન્મ્યા છે." (લુક ૨:૧૨). માત્થીની સુવાર્તા પ્રમાણે પૂર્વના પ્રદેશમાંથી બાળકના દર્શનાર્થે આવનાર જ્ઞાની લોકોનો રાજા હેરોદને પ્રશ્ન હતો, "યહુદીઓનો જે રાજા જન્મ્યો છે તે ક્યાં છે?" બાઇબલ પ્રમાણે આ પ્રશ્નથી એકલો હેરોદ રાજા જ નહિ પણ આખુ યરુશાલેમ ચોંકી ઉઠ્યું હતું (માત્થી ૨:૨-૩). તાબડતોબ, શાસ્ત્રીઓને અને પંડિતોને ભેગા કરવામાં આવ્યા અને તેઓએ માત્થીની સુવાર્તા મુજબ બેથલેહેમ શહેર અને તેમાંથી આવનાર રાજવી વિષેની માહિતી મેળવી. આ જ બાળકુંવર લગભગ તેત્રીસ વરસ બાદ જ્યારે માનવજાતના બચાવ અર્થે પોતાના પ્રાણની આહુતિ આપવાના છે તે વખતના રૂમી ગવર્નર પિલાતે ઇસુની સાથેના વાર્તાલાપ પછી યહુદી આગેવાનોના વિરોધ છતાં વધસ્તંભ પર લખ્યું,, "ઇસુ નાઝારી, યહુદીઓનો રાજા" (યોહાન ૧૯:૧૯).

ઉપર જણાવેલી વિગતો સૂચવે છે કે, પ્રભુ ઇસુનું માનવદેહધારીપણું એ નવા રાજ્યની શરૂઆત હતી. બાળ ઇસુમાં આપણને એક રાજવીનાં દર્શન થાય છે. પણ પ્રશ્ન એ થાય છે કે, આ રાજાની પ્રજા કોણ છે અને તેમનું નિવાસ્થાન ક્યાં છે? .

મિત્રો, આ તો સ્વર્ગના રાજ્યની વાત છે. પ્રભુ ઇસુના કહેવા મુજબ "ઇશ્વરનું રાજ્ય તો તમારામાં છે" (લુક ૧૭:૨૧). તેથી હાલમાં ભલે આપણે દૈહિક ભુવનમાં રહેતાં હોઇએ પરંતુ જો આપણે સ્વર્ગભુવનના રાજાને આમંત્રણ આપીએ છીએ તો આપણા હૃદયો તેમનું નિવાસ્થાન બની રહે છે.. પ્રભુ ઇસુ આપણા રાજા અને આપણે તેમના પ્રજાજનો બની જઈએ છીએ. આમ નાતાલની ઉજવણી માત્ર પ્રભુ ઇસુના જન્મની જ યાદ અપાવતી નથી પણ સ્વર્ગના રાજ્યની પૃથ્વી પર સ્થાપનાની પણ યાદ અપાવે છે.

આ લેખ જ્યારે **તમારા હાથમાં આવશે ત્યારે તમે ૨૦૧૯** A.D. (Anno Domini -In the Year of our Lord)માં ટુંક સમયમાં પ્રવેશવાની તૈયારીમાં હશો. નવિન વરસની

શરૂઆત ઘેર ઘેર નવાં કેલેન્ડર્સ સાથે થશે. ફક્ત ૩૬૫ દિવસોમાં જ ૨૦૧૮નાં કેલેન્ડર્સ ફેંકી દેવાશે પણ બાળ ઇસુના આગમન સાથે જે રાજ્યની શરૂઆત થઈ ચૂકી છે તે રાજ્યનો કોઇ અંત નથી.

અમેરિકા દેશમાં આપણા ઘણા લોકો ગ્રીનકાર્ડ ધરાવતા હતા. સમય જતાં તેઓ આ દેશના નાગરિકો બન્યા. તેઓને કાયમ આ દેશમાં રહેવાનો પરવાનો મળવાનો મળવાથી હંમેશની નિરાંત લાગી. પરંતુ આપણે હંમેશાં યાદ રાખીએ કે, આ દુનિયા આપણું કાયમી રહેઠાણ નથી. તેથી કાયમી નાગરિકતા પ્રાપ્ત કરવા આપણે સ્વર્ગિય રાજ્યના નાગરિકો બનવું જ પડે.

નાતાલ આપણને યાદ દેવડાવે છે કે, ઇસુ ખ્રિસ્તના શિષ્યો/શિષ્યાઓ તરીકે સ્વર્ગિય અનંતકાળિક રાજ્યના નાગરિકો જો હજી સુધી ન બન્યા હોય તો મોડું થઈ જાય તે પહેલાં નાગરિકો બનીએ અને એમ સાચા અર્થમાં સ્વર્ગિય રાજ્યમાં પ્રવેશ પામીએ.

કેરી,, નોર્થ કેરોલિના શની ચિટનીસ

From: AMERICAN CHRISTIAN NEWS

Community Paper Soliciting your Co-operation

ID: # 11-2917985 August 28, 1988

"Gujarati Christian Church"

17, Dart Mouth Ave., Avenel, NJ 07001-1804

Phone # 917-554-4560 – (Robin Christian)

## "...તમારે માટે એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યા છે. ......સ્વર્ગમાં ઇશ્વરને મહિમા થાઓ, અને પૃથ્વીમાં જેઓ પર તે પ્રસન્ન છે તેઓને શાંતિ થાઓ"

૨૦૧૮ની સાલ પુરી થવા આવી છે. ત્યારે નવા વરસ્ની શરૂઆત કરતાં આપણે પોતાને આપણા ભુત અને ભવિષ્યને ઇશ્વરના હાથોમાં સોંપીએ

**નવીન વરસમાં નવીન સુદાનો, હે પ્રભુ સહુને દે જે રે,**
**સહુધર, સહુ જનને સહુ મનમાં વાસ કરી તું રહેજે રે,**
**સેવક, શોધક, બોધક, લેખક વધતા દે જે રે,**
**આશિષરૂપ સરીતા પેરે સહુ અંતરમાં દે જે રે**

**નાતાલ તથા નવા વરસની સર્વ વાંચકમિત્રોને અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ પરિવાર તરફથી પ્રેમી સલામ.**

**To:**________________________________

________________________________

________________________________